આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૪ | ૨૫ માર્ચ, ૨૦૧૫, બુધવાર ; ચૈત્ર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


જે પોતાના અહંકારને ત્યજે છે તેને વગર માંગ્યે જ બધું મળે છે

- જનકલ્યાણ

# જિલ્લા પંચાયતની સાતેય સમિતિમાં ભાજપ



## પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન તરીકે ઉષાબેન પટેલની વરણી : સાત સમિતિઓમાં ભાજપનો ભગવો લહેરાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન તરીકે શ્રીમતિ ઉષાબેન પટેલ તથા ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેન તરીકે શ્રી મહોતજી ઠાકોરની વરણી કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૪મી ફેબ્રુઆરીએ મળેલ સામાન્ય સભાના એક માસ બાદ આજે નવરચિત સમિતિઓની બેઠકો મળી હતી. જેમાં સમિતિઓના ચેરમેનોની નિયુકતી કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયતની કારોબારી સમિતિ જે કોંગ્રેસ હસ્તક હતી તે હવે ભાજપની થઈ છે. આ સમિતિના ચેરમેન તરીકે શ્રીમતી ઉષાબેન પટેલની નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેન તરીકે શ્રી મહોતજી ઠાકોરની વરણી કરવામાં આવી છે.

પંચાયતની અપીલ સમિતિના ચેરમેન તરીકે પંચાયત પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલ હોદ્દાની રૂએ ચેરમેન બન્યા છે.

જયારે બાંધકામ સમિતિમાં સદેસિંહ ઝાલા, ઉત્પાદન અને સહકારમાં ભીખીબેન ઠાકોર, મહિલા અને બાળ વિકાસમાં ડાહીબેન ઠાકોર અને આરોગ્ય સમિતિમાં શ્રી જયોત્સનાબેન પટેલને યથાવત રાખવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતમાં હવે આ સાત સમિતિઓ પર ભાજપનો ભગવો લહેરાઈ ચુકયો છે. શિક્ષણ સમિતિ માટે ૨૭મીએ તેના ચેરમેનના ભાવિનો ફેંસલો થઈ જશે. આમ ૮ મહત્વની સમિતિઓ પર ભાજપનો કબ્જો થશે.

# શિક્ષણ સમિતિના ચેરમેનના ભાવિનો ૨૭મીએ ફેંસલો

## ભાજપે કોંગ્રેસ હસ્તકની સમિતિ કબ્જે કરવા અવિશ્વાસની દરખાસ્ત પર વિકાસ કમિશનરે તારીખ નિયત કરી : બપોરે ૧૨ વાગે બેઠક

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન સામે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા કરવા માટે ૨૭મીએ શિક્ષણ સમિતિની ખાસ બેઠક મળશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના સભાખંડમાં બપોરે ૧૨ વાગે આ બેઠક મળશે અને માત્ર એક જ મુદ્દાના એજન્ડા પર ચર્ચા થશે. શિક્ષણ શાખા દ્વારા આ અંગેનો એજન્ડા જારી કરી દેવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયત હસ્તકગત કર્યા બાદ જિલ્લા શિક્ષણ સમિતિ જે કોંગ્રેસ હસ્તક હતી તે સમિતિ કબ્જે કરવા માટે ભાજપે સમિતિની પુનઃ રચનાઓ બાદ અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. આ પ્રસ્તાવમાં સહિઓની ચકાસણી બાદ દરખાસ્તને લઈ વિકાસ કમિશનર પાસે દરખાસ્ત મોકલી તે માટે તારીખ માંગવામાં આવી હતી.

વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા આ અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા કરવા માટે ૨૭મી માર્ચનો દિવસ નિયત કરવામાં આવ્યાની જાણ કરતાં તંત્ર હરકતમાં આવ્યું છે.

હવે ૨૭મીએ બપોરે ૧૨ વાગે આ અવિશ્વાસ પ્રસ્તાવ પસાર થયા બાદ નવા ચેરમેન અંગેનો નિર્ણય લેવામાં આવશે. હાલ સમિતિમાં ભાજપના ચાર સભ્યો છે જ્યારે કોંગ્રેસના ૩ સભ્યો છે. શિક્ષણ સમિતિના હાલના ચેરમેનશ્રી ગાંભુસિંહ કોંગ્રેસના બળવાખોરો સાથે ભાજપમાં જોડાયા હતા પરંતુ તેના બે દિવસ બાદ તેઓ કોંગ્રેસમાં હોવાનું જાહેર કર્યું હતું જે ઉલ્લેખનીય છે.

## રાજપથ ક્લબની શનિવારે મતગણતરી

અમદાવાદ,તા. ૨૪

ગુજરાતભરમાં ભારે ચકચાર જગાવનાર પ્રતિષ્ઠિત રાજપથ ક્લબની અનેક વિવાદોથી ઘેરાયેલી ચુંટણીનો મામલો હવે હાઈકોર્ટમાં પહોંચ્યો છે. ગુજરાત હાઈકોર્ટે આજે રાજપથ ક્લબની ચુંટણીની મતગણતરી શનિવારે બંને પક્ષોના ત્રણ-ત્રણ વકીલો તથા હાઈકોર્ટના વર્ગ બેના ૩૦-૩૦ અધિકારીઓની સીધી દેખરેખ હેઠળ કુલ ૩૦ ટેબલો પર ગણવામાં આવશે તેવો મૌખિક આદેશ કર્યો હતો. હાઈકોર્ટની જસ્ટિસ ઝવેરી અને જસ્ટિસ મહેતાની ખંડપીઠે આ અંગે વધુ સુનાવણી આવતીકાલ પર રાખી કાલ બપોર સુધીમાં લેખિત ઓર્ડર આપી દેશે તેમ સુત્રોએ જણાવ્યું હતું.

રાજપથ ક્લબની વિવાદાસ્પદ બની ગયેલી ચુંટણીમાં ક્લબના મેનેજમેન્ટ અને પરેશ દાણીની પેનલ દ્વારા કરવામાં આવેલી ગેરરીતિને લીધે આ સમગ્ર મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો.



ટેકનોલોજીનો મહિમા - આજથી પાંચ વર્ષ પહેલા જ વૈભવનું પ્રતિક ગણાતો મોબાઈલ ફોન હવે સમાજના છેવાડાના માનવી સુધી પહોંચ્યો છે... જીવનનો એક ભાગ બન્યો છે... ટેલીકોમ ક્ષેત્રે ક્રાંતિ સર્જક મોબાઈલ ફોનનું નેટવર્ક સમાજના દરેક સ્તર પર અને દરેક વર્ગમાં પથરાયેલું છે... અંતરિયાળ વિસ્તાર હોય કે શહેરી ઝુંપડાવાસી હોય, મોબાઈલ તેમના જીવનનો એક ભાગ બન્યો છે... રસોઈ બનાવતા બનાવતા કે ઘરકામ કરતા શ્રમજીવી મહિલા મોબાઈલ પર હસી-ખુશીની વાત કરતા રોમાંચ અનુભવે છે... માહિતીના યુગમાં મોબાઈલે જીવનની કરવટ બદલી છે... આવો ટેકનોલોજીનો સદઉપયોગ થાય તો સમાજની આવતીકાલ વધુ ઉજ્જવળ બનશે એ નિઃશંક વાત છે... (તસવીર : દિપક જાની)

# શહેરમાં હીટવેવ યથાવત

## પારો ૪૧ ડિ.સે. : બપોરના સમયે જનજીવન પર ગરમીની ઘેરી અસર : એક સમયનું હરિયાળું પાટનગર વૃક્ષોના નિકંદનને કારણે હોટેસ્ટ કેપિટલ : પંચામૃત ભવનના નિર્માણ બાદ નગરજનોને સૂરજદેવની અગનવર્ષાથી કોણ બચાવશે?

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં ઉનાળાએ પ્રારંભથી જ અપનાવેલ રૌદ્ર સ્વરૂપ આજે પણ અનુભવાયું હતું. આજે દિવસનું મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્શિયસ અને લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડિગ્રી સેલ્શિયસ નોંધાયું હતું. વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ જે ૪૮ ટકા સુધીનું હતું તે સાંજ સુધીમાં ઘટીને માત્ર ૨૦ ટકા જ રહેવા પામ્યું હતું.

ઉનાળાના આકરા મિજાજને કારણે નગરના જનજીવન પર અસરો પડવા લાગી છે જેમાં ખાસ કરીને બપોરના સમયે વાહનોની અવરજવરમાં ખૂબ ઘટાડો જોવા મળી રહ્યો છે. નગરજનો બપોરે ૧૨ વાગ્યા પછી ઘર કે ઓફિસની બહાર અગત્યના કામ સિવાય નિકળવાનું ટાળી રહ્યા છે અને ઘરોમાં કે ઓફિસો કે દુકાનોમાં પણ સતત પંખા અને એસીના સહારે ગરમીથી બચવા પ્રયત્ન કરતા જોવા મળી રહ્યા છે શહેરમાં અનેક ઠેકાણે શેરડીના રસના કોલા ચાલુ થઈ જવા પામ્યા છે તેમજ કેટલાક સ્થળોએ તડબુચ વેચવા વાળાઓએ કરેલા ઢગલાં પણ નજરે ચઢી રહ્યાં છે. આઈસ્ક્રીમ પાર્લરો અને ડેરી પાર્લરો પરની ઘરાકીમાં વધારો થવા પામ્યો છે અને ઉનાળાનું અમૃત ગણાતી છાશની માંગમાં ઉછાળો આવ્યો છે.

એક સમયે વૃક્ષોની હરિયાળીથી લહેરાતું ગાંધીનગર હવેના ઉનાળામાં સુક્કુ ભઠ્ઠ ભાસી રહ્યું છે. છેલ્લા ૧૦ વર્ષમાં નગરમાંથી વિકાસના નામે આડેધડ કપાયેલા વૃક્ષોના કારણે તાપમાનમાં અસામાન્ય

● અનુસંધાન પાન-૭ પર

## સામાન્ય પ્રવાહમાં આજે છેલ્લુ પેપર

### ધોરણ ૧૨માં કોમ્પ્યુટર વિષયની આજે પરીક્ષા

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં આવતીકાલે કોમ્પ્યુટર વિષયની પરીક્ષા લેવામાં આવશે. જ્યારે ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહમાં આવતીકાલે કૃષિ જુથ-એમાં જીવ વિજ્ઞાન અને કૃષિ રસાયણ શાસ્ત્ર વિષયની પરીક્ષા લેવાશે. જ્યારે વાણિજ્ય જૂથ-સીમાં અર્થશાસ્ત્ર અને વાણિજ્ય સંચાલન, ગૃહવિજ્ઞાન જૂથ-એસમાં સમાજશાસ્ત્ર અને તાંત્રિક જૂથ-ટીમાં પદાર્થ વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર વિષયની પરીક્ષા લેવામાં આવશે.








